પૂણા વિસ્તારની સોસાયટીમાં કોમર્શિયલ હેતુથી બાંધકામ કરાતું હોવાથી સ્થાનિક રહીશોની આંદોલનની ચીમકી

ભાજપના જ કોર્પોરેટર વિપુલ માલવિયાએ મ્યુનિકમિશનર સમક્ષ તાકીદે બાંધકામ સામે પગલાં લેવાની માગ કરી

સુરત, તા.૪

વરાછા ઝોનના પુણા વિસ્તારની રહેણાક સોસાયટીમાં કોમર્શીયલ હેતુસર બાંધકામ કરવામાં આવતું હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. સ્થાનિક રહીશોએ ઝોનમાં વારંવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા કોઇ પગલા ભરવામાં આવ્યા નથી. જેને પગલે આપ માંથી ભાજપમાં જોડાયેલા પુણા વિસ્તારના કોર્પોરેટર વિપુલ મોવલીયાએ મ્યુ કમિશ્નરને પત્ર લખી તાકીદે બાધકામ સામે પગલા ભરવાની માંગણી કરી છે. જો મનપા દ્વારા કાર્યવાહી કરવામાં નહી આવે તો સ્થાનિક રહીશો આંદોલન પર ઉતરવાની ચિમકી પણ તેમના દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

સુરત શહેરમાં ગેરકાયદે બાંધકામનો રાફડો ફાટી નિકળ્યો છે. ગઇકાલે ઉધના વિસ્તારમાં તાણી દેવાયેલા એક બાધકામનો સ્લેબ તુટી પડતા એક મજુરનું મોત નિપજયું હતું. જયારે ત્રણ મજુરોને સામાન્ય ઇજા થઇ હતી. દરમિયાન વરાછા વિસ્તારના વોર્ડ નં ૩ (પુણા-પશ્ચમિ)ના કોર્પોરેટર વિપુલ મોવલીયાએ મ્યુ કમિશ્નર શાલિની અગ્રવાલને ગેરકાયદે બાંધકામ અંગે પત્ર પાઠવ્યો હોવાનું બહાર આવ્યું છે.

સભ્ય વિપુલ મોવલીયાએ પત્રમાં જણાવ્યું હતું કે, ટીપી સ્કીમ નં ૨૦ (પુણા)ના બ્લોક નં ૪૯૩-૪૯૪માં ફા.પ્લોટનં ૧૨૩-૧૨૪માં રહેણાક સોસાયટી આવેલી છે. આ વિસ્તારમાં પ્લાન વિરૂધ્ધ બાધવામાં આવેલા ઇન્ડસ્ટ્રિયલ બાંધકામનું ડિમોલીશન કરવામાં આવ્યું હતું. કોઇની મહેરબાની થી ફરી બાંધકામ ચાલુ થઇ ગયું છે. આ અંગે ઝોનમાં બે વખત પત્ર પાઠવીને રજુઆત કરવામાં આવી છે. તેમ છતા હજુ સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. જો બાધકામ અટકાવવામાં નહી આવેતો સ્થાનિક રહીશોને સાથે રાખીને આંદોલન પર ઉતરવાની ફરજ પડશે એવી ચિમકી પણ સભ્ય દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

વરાછા માતાવાડીના હીરાવેપારી સાથે છ લાખના કાચા હીરા લઈ દલાલ ભાગી છૂટ્યો

વેચાણ કરવાના બહાને હીરાદલાલ હિતેશ બાબરિયા કાચા હીરા લઈ ગયો અને નાણાં પણ ચૂકવ્યા નહીં

સુરત, તા.૪

લંબે હનુમાન રોડ માતાવાડી વિસ્તારમાં હીરાનો વેપાર કરતા વેપારી પાસેથી રૂ.૬.૧૨ લાખની કિંમતના કાચા હીરા વેચાણ કરવાને બહાને લઈ જઈ હીરા દલાલે હીરા બારોબાર વેચી દઈ તેનું પેમેન્ટ નહીં ચુકવી છેતરપિંડી કરી હતી. આ મામલે હીરા દલાલ વિરૂધ્ધ વેપારી દ્વારા વરાછા પોલીસ મથકે ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

આ અંગે વરાછા પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર અમરોલી કોસાડ રોડ ગ્રુહમ પ્લાઝા પાસે રહેતા ધીરજ જ્યંતિ બેલડીયા (ઉ.વ.૩૯) વરાછા લંબે હનુમાન રોડ માતાવાડી ૧૮ ગાળા ભોયતળીયું ઘર નં.૨૦માં એ.ડી.ડાયમંડના નામથી હીરાનો ધંધો કરે છે. ગઈ તા.૨૦-૩-૨૦૨૩ના રોજ હીરા દલાલ હિતેશ રમેશ બાબરીયા (રહે. ૪૦૨, બિલ્ડીંગ નં.૧, શ્રીનાથદ્વાર એપાર્ટમેન્ટ, જી.જી. ઝડફીયા સ્કુલ સામે, એ.કે.રોડ, વરાછા) એક બે વેપારી રકની ડીમાન્ડ કરે છે તેમ કહીને હીરા વેપારી ધીરજ બેલડીયા પાસેથી રૂ.૬.૧૨ લાખની કીંમતના જાંગડ બનાવી હીરા વેચાણ કરવા માટે લઇ ગયો હતો.

૧૫ દિવસમાં પેમેન્ટ ચુકવી દેવું જણાવી હીતેશ બાબરીયા હીરા લઈ ગયો હોય તેણે વોટ્સએપ ઉપર હીરા વેચાણ કર્યાની ચીઠ્ઠી મોકલી આપી હતી. જોકે બીલ બનાવવા માટે કેવાયસી ડીટેઈલ માંગતા હીરા દલાલ હીતેશ બાબરીયાએ પછીથી ડીટેઈલ આપવાનું કહ્યું હતું. ત્યારબાદ તેણે ફોન બંધ કરી દીધો હતો અને પેમેન્ટ ચુકવ્યું ન હતું.

ઉમરા રામનાથ ઘેલા મંદીરે યજ્ઞ સમયે જ કર્મકાંડી બ્રાહ્મણનું ઢળી પડ્યા બાદ મોત

ઉદ વર્ષિય રીતેશ પંડ્યાને હાર્ટ એટેક આવ્યો હોવાનું પ્રાથમિક કારણ

સુરત, તા.૪

અડાજણ વિસ્તારમાં રહેતા કર્મકાંડી બ્રાહ્મણ ઉમરા ગામ રામનાથ ઘેલા મહાદેવ મંદિરે યજ્ઞ દરમિયાન કર્મકાંડી બ્રાહ્મણનું તબિયત બગડ્યા બાદ મોત થયું હતું, તેઓનું હાર્ટ એટેક થી મોત થયું હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે.

નવી સિવિલ હોસ્પિટલ સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ અડાજણ સ્નેક સંકુલ વાડી નજીક શાંતિ વિલા એપાર્ટમેન્ટમાં રહેતા રીતેશ ભરતભાઈ પંડ્યા (ઉ.વ.૩૬) કર્મકાંડી બ્રાહ્મણ છે. રીતેશ પંડ્યા રવિવારે સવારે ૧૦ વાગ્યે ઉમરા ગામ ખાતે આવેલા રામનાથ ઘેલા મહાદેવ મંદિરે યજ્ઞ માટે ગયા હતા, દરમિયાન વોશરૂમમાં ઢળી પડતા તેમના મોટા ભાઈ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. તેમનું હાર્ટએટેકથી મોત થયું હોવાનું પ્રાથમિક કારણ છે.

તિલકવાડામાં 'નલ સે જલ' યોજનાનો ફિયાસ્કો: ૧.૮૨ કરોડનાં ખર્ચે નાંખેલી પાઈપ લાઈનમાં ઠેર ઠેર ભંગાણ

કામગીરીમાં ગેરરિતિ કરવામાં આવી હોવાનો લોકોનો આરોપ, પાઈપ લાઈન લીક થવાથી રોજેરોજ હજારો લિટર પાણીનો બગાડ

નર્મદા, તા.૪

નર્મદા જિલ્લાના તિલકવાડા નગરમાં નલ સે જલ યોજના અંતર્ગત ૧.૮૨ કરોડના ખર્ચે પાઇપ લાઇનની કામગીરી કરવામાં આવી છે. પરંતુ આ કામગીરી પૂર્ણ થયા પછી પણ ગામ લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે. ઠેર ઠેર પાઇપો લીક થતા રોજનું હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જેના કારણે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

પ્રાપ્ત વિગત અનુસાર પ્રજાને દરેક સુવિધા મળી રહે તે માટે સરકાર તરફથી અનેક યોજના અમલમાં મૂકવામાં આવી છે અને પ્રજાને પોતાના ઘરે સ્વચ્છ પાણી મળી રહે તે માટે નલ સે જલ યોજના અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ કેટલાક અધિકારીઓની લાપરવાહી ના કારણે આ યોજનાના ધજાગરા ઉડી રહ્યા છે. તિલકવાડા નગરમાં પણ નલ સે જલ યોજના અંતર્ગત પાઇપ લાઇનની કામગીરી કરવામાં આવી છે. અંદાજિત ૧.૮૨ કરોડના ખર્ચે આ પાઇપ લાઇનની કામગીરી કરવામાં આવી છે, પરંતુ આ કામગીરીમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવા આરોપ ગામલોકો લગાવી રહ્યા છે. આ પાઇપ લાઇનની કામગીરી પૂર્ણ થયા બાદ પાણી છોડવામાં આવ્યું ત્યારે ઠેર ઠેર પાઇપો ફાટી જવાની ઘટના બની હતી. તે દિવસથી આજદિન સુધી જ્યારે પણ પાણી છોડવામાં આવે છે. ત્યારે પાઇપો લીક હોવાથી હજારો લિટર પાણીનો વેડફાડ થતો જોવા મળી રહ્યો છે.

તિલકવાડા ગામના અગ્રણી ભાઈલાલ પરમાર જણાવ્યું કે, અહિયાં છેલ્લા ઘણા સમયથી આ પાઇપો લીક છે. જેના કારણે રોજનું હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ગામ લોકો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવતો નથી. કામગીરી પૂર્ણ થઈ પરંતુ કેટલાક લોકોના ઘરે હજી સુધી નળ નાખવામાં આવ્યા નથી. અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના કારણે ગામ લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ સમસ્યાનો વહેલી તકે નિકાલ નહિ આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ચેક રિર્ટનના ૩ જુદા જુદા કેસમાં ત્રણ આરોપીને છ થી એક વર્ષ સુધીની સજા ફટકારવામાં આવી

સુરત., તા.૪

સરથાણા જકાતનાકા વ્રજ રેસીડેન્સીમાં રહેતા વીશાલ અરવીંદ ઉપાધ્યાયે એક્સપ્રેસ માર્કેટીંગના નામે પી.પી.વુવન ફેબરીક અને બેગના ટ્રેડીંગનો વ્યવસામા ભાગીદાર બનાવવા હેતલ અનિલકુમાર સોજીત્રાને નાણા રોકાણ કરવા સ્કીમ આપી હતી. જેથી હેતલબેને રૂ.6.50 લાખ ધંધામાં રોકાણ કર્યા હતા. થોડા સમય બાદ હેતલબેનના પતિએ ભાગીદાર વીશાલ પાસે ધંધાકીય હિસાબ માગયો હતો. જો કે વીશાલે હિસાબ આપ્યો ન હતો. જેથી વીશાલ પાસેથી રોકાણ કરેલા નાણા પરત માગ્યા હતા. જેથી વીશાલે રૂ.1.50 લાખનો ચેક હેતલબેનને આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા એડવોકેટ રમેશ સાનેપરા મારફતે વીશાલ સામે ચેક રિટર્નની ફરિયાદ થઈ હતી. આ કેસમાં વીશાલને કોર્ટે ૧ વર્ષની સાદી કેદની સજા અને રૂ.2 લાખનો દંડ આરોપીને ફટકાર્યો હતો.

જ્યારે બીજા બનાવમાં રિંગરોડ મીલેનીયમ માર્કેટમાં આવેલી રચના આર્ટ પિન્ટ્સ પ્રા.લી.કંપનીમાં રાજસ્થાન ભીલવાડા ભોપાલ ગંજના કમલેશ એમ્બોરીયમના માલિક ગૌરવ જૈને ઉધારીમાં સાડીનો માલ ખરીધ્યો હતો. ચુકવણી પેટે ગૌરવ જૈને રૂ.30 લાખનો ચેક રચના આર્ટ પિન્ટ્સ કંપનીને આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. જેથી કંપનીના મેજનેર ઉદય ગાંધીએ એડવોકેટ નરેશ ગોહિલ મારફતે ગૌરવ જૈન સામે ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આ કેસ ચાલી જતા કોર્ટે આરોપીને છ માસની કેદ અને રૂ.૩૧ લાખનો દંડ ફટકાર્યો હતો.

જ્યારે ત્રીજા બનાવમાં ઉધના મગદલ્લા રોડ સોશિયો સર્કલ ખાતે રહેતા એડવોકેટ હિતેશકુમાર લક્ષ્મણ પટેલ પાસેથી તેમના ગામના જીગ્નેશ ચેલા પટેલે(રહે.મોટામાઢ ગામ,આંકવી,સિદ્ધપુર,પાટણ) ધંધા માટે નાણા લીધા હતા.

ચુકવણી પેટે જીગ્નેશ પટેલે ૩.૭૫ લાખનો ચેક હિતેશભાઈને આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા જીગ્નેશ પટેલ સામે એડવોકેટ પિન્કેશ રાણા મારફતે સુરત કોર્ટમાં ફરિયાદ થઈ હતી. કોર્ટે આરોપી જીગ્નેશ પટેલને ૧ વર્ષની સાદી કેદની સજા કરી હતી અને ૬૦ દિવસમાં ચેકની રકમ વળતર તરીકે ચુકવી આપવા આદેશ કર્યો હતો.

સરથાણાના વિશાલ ઉપાધ્યાયને ૧ વર્ષ, રાજસ્થાનના ગૌરવ જૈનને ૬ માસ અને પાટણના જીગ્નેશ પટેલને ૧ વર્ષની સજા

ચેક રીટર્નના ત્રણ અલગ-અલગ કેસમાં યોગીચોકના મોબાઈલના વેપારીને દરેક કેસમાં ૬-૬ મહિનાની સજા

સુરત,તા.૪

કન્સ્ટ્રકશન કોન્ટ્રાક્ટરે મોબાઈ લે વેચનું કામ કરતા વેપારી વિરૂધ્ધ કરેલા ચેક રીટર્નના ત્રણ કેસમાં કોર્ટે વેપારીને દરેક કેસમાં ૬-૬ મહિનાની સજા અને રૂ.૧૦.૨૫ લાખ કોન્સ્ટ્રાક્ટરને ચુકવી દેવા હુકમ કર્યો હતો.

આ કેસની વિગત અનુસાર વરાછા લંબે હનુમાન રોડ રચના સર્કલ પાસે કુંજ સોસાયટીમાં રહેતા નરેશ ઓઢવજી રામાણી કન્સ્ટ્રકશના કામ સાથે સંકળાયેલા છે. તેમના દુરના સંબંધના ભાઈ થતા અશોક સવજી ધાનાણી (રહે. વાસ્તુ પુજન હાઈટ્સ, શિવધારા હાઈટ્સ, યોગીચોક) યુનિર્વસલ મોબાઈલના નામે મોબાઈલનો ધંધો કરે છે. આઈ.એસ.ઓ.સર્ટિફિકેટ અમેરીકન સ્ટાન્ડર્ડનું કરવા 6.98 લાખ રૂપિયા આપ્યા હતા.

ત્યારબાદ સંજીવ બર્વ એ કહ્યું હતું કે, દુબઈની પાર્ટી છે, જે તમને પૈસા આપવા માટે તૈયાર થઈ છે, જેથી મને સંજીવ બર્વએ ચાર પેજનો કોન્ટ્રાક્ટ સાઈન કરવા માટે મને સુરત ખાતે બોલાવ્યો હતો અને કહ્યું હતું કે, આ નોર્મલ છે. પરંતુ મેઈન કોન્ટ્રાકટ દુબઈમાં બનશે તેમ જણાવેલ હતું, ત્યારબાદ તેમને મને દુબઈમાં અલસલામી ઈનવેસ્ટમેન્ટ ગ્રુપ કંપનીમાં તમારી 130 કરોડની લોન થઈ ગઈ છે તેમ કહ્યુંહતું.

જેથી હું સહી કરવા ગુડગાવ મારા સી.એ. ઉર્મિલ પરિખ સાથે ગયો હતો અને ત્યાં અલસલામી ઈનવેસ્ટમેન્ટ ગૃપના લોનના એગ્રિમેન્ટ લેટરમાં મારી સહી કરાવી હતી અને એક અન્ય મારી કંપનીના લેટર પેડ ઉપર સહી કરાવી લઈ લીધો હતો અને તમારી લોન ફાઈનલ થઈ જાય એટલે તમને જાણ કરીશ તેમ જણાવ્યું હતું, જેથી હું પરત વડોદરા ખાતે આવી ગયો હતો. ત્યારબાદ થોડા દિવસ બાદ સંજીવ બર્વનો ફોન આવ્યો હતો અને તેને મેઈલ કર્યો છે, જેમાં 21,710 ડૉલર છે, જેમાં લિગલ ફી તથા અબુધાબી ઈન્વેસ્ટમેમાં લોનનો ઈન્શ્યોરન્સ કરવો પડશે તેમ કહ્યું હતુ, જે અહિયાના 15.65 લાખ રૂપિયા ભરવા માટે જણાવ્યું હતું.

મેં તેને જણાવ્યું હતું કે, જે પાર્ટી મને પૈસા આપે છે, તેને હું આપીશ તેની સાથે મને મિટિંગ કરાવો, જેથી તેમને મને જણાવ્યું હતું કે, એ મોટી પાર્ટી છે એટલે તમને મળે નહીં. ત્યારબાદ તેને મને જણાવ્યું હતું કે, હું તમારા દુબઈના વિઝા માટે ઈન્વિટેશન લેટર મંગાવુ છું, મેં કહ્યું હતું કે, દુબઈના વિઝા માટે ઈન્વિટેશન લેટર જરૂર નથી. જેથી હું કંપનીના સરનામે દુબઈ ખાતે તપાસ કરવા માટે એપ્રિલ-2019માં ગયો હતો, ત્યારે ત્યાં જઈને પૂછતા જાણવા મળ્યું હતું કે, અહીંયા આવી કોઈ ઓફિસ નથી. જેથી હું પરત આવી ગયો હતો. જેથી મેં સંજીવ બર્વને ફોન કર્યો હતો અને અને મેઈલ કર્યો હતો કે, આવી કોઈ કંપની દુબઈમાં છે જે નહીં? તેમ જણાવતા તેને મને જણાવ્યું હતું કે, તમને વિશ્વાસ ના હોય તો હું તમને બીજેથી લોન અપાવું અને તે અને યુરોપની પાર્ટી છે, ત્યારબાદ બે-ચાર દિવસ તેને મને ટર્મિનેશન લેટર આપેલો હતો. ત્યારબાદ મેં તેને તા.17/05/2019ના રોજ નોટિસ આપી હતી, જેનો કોઈ જવાબ આપ્યો નહોતો, ત્યારબાદ ફરીથી નોટિસ આપી હતી, જેનો પણ કોઈ જવાબ આપ્યો નથી. આ લોકોએ અમારી સાથે છેતરપિંડી કરી છે. આ મામલે સુરતના અડાજણ વિસ્તારમાં આવેલ સ્વાતી રો હાઉસમાં રહેતા અલ્પેશ સોની અને હરીયાણાના સંજીવ બર્વ સામે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને ગોત્રી પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

એટીએમમાં મહિલા

એટીએમ કાર્ડ, બે મોબાઈલ ફોન તેમજ રોકડા રૂ.૫ હજાર મળી કુલ રૂ. ૧.૩૫ લાખ કબ્જે લીધા હતા.

MSMEમાં આયકરના

મુંજવણમાં મુકાવાની સાથે ચિંતામાં છે. કારણ કે માર્કેટમાં પેમેન્ટ સાયકલ 120 દિવસ થી 180 દિવસની છે જેથી પેમેન્ટમાં સમસ્યા ઉભી થશે. જેથી અમારા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રજૂઆત કરવામાં આવી છે કે, આ કલમ ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓ પરથી હટાવવામાં આવવી જોઇએ.

મહીધરપુરાની સોલાર

મેનેજર રજત ગુપ્તા કહેતો તેમ બનાવાતા હતા. આ અંગે ગોલ્ડી સોલાર પ્રા.લી.ના આસીસ્ટન્ટ મેનેજર સેલ્વીન ગોટીએ જનરલ મેનેજર રજત ગુપ્તા વિરૂધ્ધ મહીધરપુરા પોલીસ મથકે છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી.

>> છેલ્લા પાનાનું શેષ

સરદારધામ થકી

દિવસમાં રૂ.૬૮ કરોડનું દાન જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય દાતા જયંતી બાબરીયાએ રૂ.૧૧ કરોડ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ માટે ફોરમબેન વરસાણી(આફ્રિકા)એ રૂ.૦૫ કરોડ સહિત સેંકડો દાતાઓએ રૂ.બે કરોડથી લઈને રૂ.૨૫ લાખનું દાન આપ્યું છે. આગામી ૧૫ દિવસોમાં વધુ રૂ.૩૨ કરોડનું ફંડ પ્રાપ્ત થશે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, સુરતના સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા વર્ષોથી વિવિધ સામાજિક પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. દક્ષિણ ગુજરાતને આવરી લેતા સરદારધામ થકી યુવાઓ સમાજ અને દેશનું ભાવિ ઘડાશે. ગુજરાત સરદાર પટેલના વારસાને આગળ વધારી રહ્યું છે. પરસ્પર સહયોગ અને પરિશ્રમથી આગળ વધવું એ સરદાર સાહેબનો સ્વભાવ હતો, જેને આગળ વધારતા સરદાર સંતાનોએ 'રાષ્ટ્રપ્રથમ'નો જીવનમંત્ર અપનાવ્યો છે.

ગુજરાતમાં સરદારધામ અને કેળવણીધામ જેવા આધુનિક પ્રકલ્પો 'સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસ'ની વિભાવના સાર્થક કરી રહ્યા છે એમ જણાવી જ્ઞાનશક્તિના ઉમદા સાહસમાં સમાજશક્તિ પણ જોડાવાથી સોનામાં સુગંધ ભળી હોવાનું જણાવી મંત્રીએ પાટીદાર સમાજના અગ્રણીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

કેન્દ્રીય પશુપાલન, મત્સ્ય મંત્રી પરષોત્તમ રૂપાલાએ જણાવ્યું કે, વડાપ્રધાને વિકસિત ભારત: ૨૦૪૭ નો સંકલ્પ લીધો છે, જેમાં સરદારધામ જેવા શ્રેષ્ઠ શૈક્ષણિક પ્રકલ્પો પૂરક બનશે અને વિકસિત ભારતની યાત્રાને બળ આપશે. સમાજના આગેવાનોએ શિક્ષણના આ યજ્ઞમાં ખુલ્લા હાથે દાન કરીને શિક્ષણની યજ્ઞવેદીમાં આહુતિ આપીને સમાજનું ઋણ અદા કર્યુ છે. અભ્યાસકીય તાલીમ, માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે ઉત્તમ વ્યવસ્થા નિર્માણ માટે ડગ માંડનાર સમાજ શ્રેષ્ઠીઓની પહેલ બદલ સૌને શુભેચ્છા પાઠવી હતી. આગામી દિવસોમાં કેન્દ્ર સરકારના દેશને ત્રીજા ક્રમની મોટી અર્થ વ્યવસ્થા બનાવવાના લક્ષ્યને સાકાર કરવામાં સુશિક્ષિત યુવાપેઢી મહત્વપૂર્ણ યોગદાન આપશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, પાટીદાર સમાજના મોભીઓએ પરિશ્રમથી કમાયેલી મૂડીને સાચા રસ્તે ઉપયોગમાં લઈ રહ્યા છે. સામાજિક ઉત્થાન માટેના સરકારના પ્રયાસોમાં સરદાર ધામના ટ્રસ્ટીઓએ બીડું ઉપાડી યુવાનોના યુવાધનને સાચી દિશા આપવા, તેમનું ઉજ્જવળ ભાવિ ઘડવા માટેની રાહ કંડારી છે.

સરદારધામના પ્રમુખસેવક ગગજી સુતરીયાએ કહ્યું કે, અખંડ ભારતના શિલ્પી, લોહપુરૂષ, યુગપુરુષ સરદાર વલ્લભ પટેલના જીવનના ઉચ્ચ આદર્શોમાંથી પ્રેરણા લઈ મિશન ૨૦૨૬ ના રોડમેપ મુજબ નિયત કરાયેલા પાંચ લક્ષબિંદુઓ અંતર્ગત સરદારધામ સંસ્થા હોસ્ટેલ પ્રોજેક્ટસ, GPSC / UPSC સિવિલ સર્વિસ સેન્ટર, GPBO, GPBS અને યુવા સંગઠન દ્વારા સમસ્ત પાટીદાર સમાજની એકતા થકી ઉજ્જવળ ભવિષ્ય અને યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. સરદારધામ પરિણામલક્ષી કામગીરી કરી રહ્યું છે.

આગામી સમયમાં સુરતમાં રૂ.૧૦૦૦ કરોડના ખર્ચે સરદાર ધામ યુનિવર્સિટીનું નિર્માણ કરાશે એમ જણાવી ગગજીએ ઉમેર્યું કે, સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને સાકાર કરવા તેમજ યોગ્ય લાયકાત, હકારાત્મક અભિગમ અને પ્રતિભા ધરાવતા યુવાનો નાણા તેમજ સુવિધાના અભાવે શિક્ષણથી વંચિત રહી ના જાય અને સમાજની નવી પેઢીને ભારતીય સંસ્કૃતિની ધરોહર મુજબ સંસ્કાર સાથેનું પરવડે તેવું શિક્ષણ મળી રહે તે નિર્ધાર સાથે વાપીથી તાપી સુધીના દક્ષિણ ગુજરાતના યુવાનો માટે આગામી ૧૦૦૦ દિવસમાં અત્યાધુનિક સરદારધામ નિર્માણ પામશે.

સરદારધામના ભૂમિપૂજન પ્રસંગે ધારાસભ્ય સર્વ વિનોદ મોરડિયા, જીતુ વાઘાણી, કાંતિ બલર, મેયર દક્ષેશ માવાણી, સુરત સરદારધામના પ્રમુખ જયંતી નારોલા, ઉદ્યોગપતિ ગોવિંદ ધોળકિયા, લવજી બાદશાહ, લાલજી પટેલ, હંસરાજ ગોંડલીયા, પદ્મશ્રી મથુર સવાણી, પદ્મશ્રી સવજી ધોળકિયા, સહિત પાટીદાર ઉદ્યોગપતિઓ, અગ્રણીઓ, દેશવિદેશમાંથી પધારેલા અતિથિઓ અને દાતાઓ, સરદારધામ સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહ્યાં હતા.

સરદાર ધામ

એકેડેમી, દીકરા-દીકરીઓ માટે હોસ્ટેલ / ઈન્સ્ટીટ્યુટ, GPBO બિઝનેસ સેન્ટર /હોલ, સરકારી સહાય યોજના માર્ગદર્શન કેન્દ્ર, હોટલ મેનેજમેન્ટ / એવીએશન એકેડેમી, સમાજ /મહિલા સુરક્ષા કેન્દ્ર, પર્સનાલિટી ડેવલપમેન્ટ સેન્ટર, પોલિટીકલ લીડરશીપ એકેડેમી, કાનુન/ મહેસૂલ માર્ગદર્શન કેન્દ્ર, ટ્રસ્ટી/ NRI વિશ્રામગૃહ, વર્કશોપ, સમાજ સેતુ ભવનો, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર, ઈનોવેશન / સ્ટાર્ટઅપ સેન્ટર, સ્પોર્ટસ એકેડેમી, વિશાળ ભોજનાલય, ઓવરસીઝ ઈન્ફોર્મેશન સેન્ટર, વિશાળ વાંચનાલય, પુસ્તકાલય તેમજ વિવિધ પ્રવૃત્તિઓ માટે અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ થશે.

ક્વોલિટી કંટ્રોલ

થી 30 ટકા વધી ગયા છે. આ સમગ્ર મામલે તમામ હોદેદારોએ કેન્દ્ર સરકારને રજૂઆત કરવાનું નક્કી કર્યું છે. એક વિશેષ માહિતી તૈયાર કરવામાં આવશે અને કેન્દ્ર સરકારના સંલગ્ન મંત્રીઓના સમય લઈને આ સમગ્ર મામલે ફેક્ટ અને ફિગર સાથે હોદેદારો દ્વારા રજૂઆત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છેકે, હાલમાં સુરતમાં ક્વોલિટી કપડું તૈયાર થાય તે માટે લેટેસ્ટ મશીનરી ઈન્સ્ટોલ થઈ છે અને સતત થઈ રહી છે ત્યારે એવામાં યોગ્ય ગુણવત્તા વાળું યાર્ન નહિ મળે તો સારી ગુણવત્તાનું કપડું તૈયાર કરવું ખુબજ મુશ્કેલ છે.

વલસાડમાં ગમખ્વાર

કારણે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ થતા પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી વાહનવ્યવહારને પૂર્વવત કરાવ્યો હતો. આ અકસ્માતને પગલે સુરતના સગરામપુરામાં રહેતા ચૌહાણ પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

સચિનમાં ચોથા

જતાં તે નીચે પડ્યો હોવાનું કારખાના માલિકે જણાવ્યું હતું. પોલીસે બંને તરફ મજાવીને મધ્યસ્થી કરીને અરુણનો મૃતદેહ સોંપવામાં આવ્યો હતો.

સુરત હીરાઉદ્યોગમાં

આવેલા આસપાસ નગરમાં રહેતા સંદીપભાઈ રવિન્દ્રભાઈ પાટીલ (ઉ.વ.૩૭) ગુમ થયા બાદ નાવડી ઓવારે થી આજે લાશ મળી આવી હતી. મૃતક રત્નકલાકાર તરીકે હીરાના કારખાનામાં કામ કરતો હતો. અને મંદીના કારણે છેલ્લા કેટલાક સમયથી બેકાર બન્યો હતો. જેના કારણે આર્થિક તંગી સર્જાતા ઘરેથી કોઈને કંઈ કહ્યા વગર જતો રહ્યો હતો. અને બાદમાં તેની તાપી નદીમાંથી લાશ મળી આવી હતી. જેથી હીરાનું કામ છૂટી જતા આર્થિક તંગીના કારણે તાપી નદીમાં કુદી મોતને વ્હાલું કરી લીધુ હોવાના અહેવાલ મળ્યા છે. આ બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

વડોદરાના વેપારી

કરાવ્યો હતો, ત્યારબાદ અમે મિટિંગ કરી હતી, જેથી મેં તેઓને પૂછ્યું હતું કે, તમે કોને લોન અપાવી છે, તે બાબતે પુછપરછ કરી હતી, તો તેને જણાવ્યું નહોતું.

મેં તેમને 110 કરોડની લોન લેવા માટે કહ્યું હતું, જેથી તેમને ડોક્યુમેન્ટ માટે જણાવ્યું હતું, ત્યારબાદ મેં તેને પેપર્સ આપ્યા હતા અને બાકી રહેતા પેપર્સ મેઈલથી આપ્યા હતા અને તેણે મને કહ્યું હતું કે, તમારે લોન માટે સુરત ખાતે આવવુ પડશે અને જણાવ્યું હતું કે, તમારે લોનના 5% રકમ એટલે કે 3.75 લાખ અને GST સાથે 4.05 લાખ રૂપિયા ચુકવવા પડશે અને એક એગ્રિમેન્ટ કર્યો હતો, ત્યારે 6.93 કરોડ રૂપિયાનો ચેક લોનની સિક્યોરિટી પેટે આપ્યો હતો અને લોન આવી જાય પછી જે ફી હોય તે ફી આપીએ એટલે ચેક પરત આપીશું તેવી વાત થઈ હતી.

મારે લોન લેવાની હોવાથી મેં સંજીવ બર્વના અબુન્ડન્સ ઈન્ડિયાના ખાતામાં અમારા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટમાંથી તા.15/02/2019ના રોજ ટ્રાન્સફર કર્યાં હતા, ત્યારબાદ તેમને મારી ફેક્ટરીની વિઝિટ કરી હતી, ત્યારબાદ તેમને મને કહ્યું હતું કે, તમને 130 કરોડ લોન કરાવી આપીશ. ત્યારબાદ તેમને મારી પાસેથી ડિફરન્સના 1.65 લાખ રૂપિયા મારી કંપનીના એકાઉન્ટમાંથી ઓનલાઈન ટ્રાન્સફર કર્યાં હતા, ત્યાર બાદ તેમને મારી પાસેથી ખૂટતા પેપર્સ મંગાવેલ હતા, ત્યારબાદ મારી કંપનીનું

TATA

ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિ.ઓફિસ : ૧૧મા માળે, ટાવર - એ, પેનીન્સ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩.
બ્રાન્ચનું સરનામું: ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨, બીજા માળે, ઇકો ફુટ્ટર્સ, ખાડુ શ્યામજી મંદિરની નજીક, ન્યુ સીટી લાઈટ રોડ, સુરત - ૩૯૫૦૦૭

સ્થાવર મિલકતના વેચાણ માટેની જાહેર નોટીસ
(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૯(૧) અંતર્ગત)

| અ. નં. | લોન ખાતા નં. | દેવાદાર(રો), સહ દેવાદાર (રો), કાનૂની વારસદાર(રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ | ડીમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ અને ડીમાન્ડ નોટીસની તારીખ | અનામત કિંમત | અર્નેસ્ટ મની | કબ